શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

માર્ચ- ૨૦૦૬'

## પુરુષાર્થ

એક યુવાન ઈજનેર હતો. એક સુંદર યુવતીનાં પ્રેમમાં હતો. યુવતી તેને મળી નહીં. હૃદય હતાશાથી ભરાઈ ગયું. એક ક્ષણ તો લાગ્યું કે હવે જીવી શકાશે નહીં. બીજી ક્ષણે થયું કે મારી અંદર જે એક કૌશલ છે, કલા છે, શક્તિ છે તેને બતાવતો જાઉં. યુવાન ઈજનેરે આપઘાતનો વિચાર માંડી વાળ્યો ને પોતાના જીવનદીપને વધુ ઝળહળતો બનાવવાનું નક્કી કર્યું. એણે એક અશક્ય લાગતું કામ હાથમાં લીધું. તેણે સુએઝની નહેર બનાવી. એ ફ્રેન્ચ ઈજનેરનું નામ હતું – લેસેટસ. ઈજનેરની પ્રેયસી રાજકુમારને પરણી હતી તેણે જ્યારે નહેર જોઈ ત્યારે તેને પોતાનાં પ્રેમીના હૈયાનો કાંઈક તાગ મળ્યો. એક વિરાટ પુરુષાર્થનું રૂપ લઈને અહીં સાક્ષાત પ્રેમ પુરુષ ઊભો હતો. પ્રેયસીનું મસ્તક નમી પડયું.

*- સંકલન - 'સો વાતની એક વાત જિંદગી'માંથી*

*- ભૂપત વડોદરિયા*

# બાલાસિનોરના સપુતનું સન્માન




પ્રમુખ શ્રી નટવરભાઈ દ્વારા મોમેન્ટો અર્પણ કરતાં શ્રી સુરેન્દ્રભાઈ




સન્માન સમારોહમાં બિરાજમાન ડાબેથી પ્રમુખ શ્રી નટવરભાઈ, શ્રી નગીનભાઈ તથા શ્રી સુરેન્દ્રભાઈ

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૮ | ૧૨ | ૧૪-૩-૨૦૦૬ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ • ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# મે મફત લીધું નથી

**તંત્રી સ્થાનેથી**

દુનિયાના કોઈપણ સ્ત્રી, પુરૂષ કે બાળક ને છાપું વાંચતાં વાંચતાં અચાનક ઉભા થઈને ચપ્પલ પહેરીને ઘરની બહાર જતાં જુઓ તો નક્કી માનજો કે એણે છાપામાં હમણાંજ એક શબ્દ વાંચ્યો હશે. શું હશે એ શબ્દ કે જે મરતાં માણસના શરીરમાં પણ જાન પુરી દે ? એ શબ્દ છે 'મફ્ત', 'ફ્રી', સાબુ સાથે બાલદી મફ્ત, બાલદી સાથે ટમ્બલર મફત, ટી.વી સાથે એફ એમ રેડીયો મફત, ચીપ્સ સાથે ટેટુ ફ્રી, બે સાબુએ ત્રીજો સાબુ મફત, ગાડી સાથે ઘડિયાળ મફત, બે લીટર પેપ્સી સાથે રફલ મફત વગેરે વગેરે. મફતનો બીજો અર્થ થાય વિનામુલ્યે, પણ ના, મફતમાં જે મઝા છે એ બીજા શબ્દોમાં નથી. આ મફત શબ્દ પણ ગુજરાતીમાંજ ઉદ્ભવ્યો હશે. પછી એમાંથી મુફ્ત કે ફુકટ શબ્દો આવ્યા હશે. ગુજરાતીમાં એટલા માટે કે આપણે ત્યાંજ મફતલાલ, મફતકાકા જેવા નામો છે. અને આ નામો પણ માણસની મફતીયા વૃત્તિથીજ પડયા હશે ? કદાચ, ગુજરાતમાં તો છોકરાઓ સાથે છુટાછેડા લીધેલી સ્ત્રીઓ માટે પણ લોકો કહેતા ફરે બોલો લગ્નમાં છે ઈન્ટરેસ્ટ બાયડી સાથે છોકરાઓ મફત. મારા એક મિત્રના પાંચ વર્ષના બાળકને લઈને એ મિત્ર ATM માં પૈસા કઢાવવા ગયો. થોડા દીવસ પછી પેપી માટે પુત્રને પૈસા આપવાની ના પાડી તો દીકરો કહે પણ પપ્પા વાંધોજ શું છે ? તમને તો મશીનમાંથી પૈસા મફત મળે છે. લઈને આપી દોને. ઘણાને ત્યાં બાળકો

જન્મના થોડાજ વખતમાં મરી જતાં હોય તો એવી માન્યતા થઈ જાય કે ગત જન્મનું થોડુ ઘણું લેણું લઈને જતું રહેતું હશે. એટલે હવે જો બાળક થશે તો એને બધું માગીને (મફત) મળતું જ ખવડાવીશ કે પહેરાવીશ આની પાછળ પણ કદાચ બાળકનું નામ મફતલાલ પડી ગયું હોય ખેર જે હોય તે આ શબ્દનું આકર્ષણ ગજબનું છે. નાનો હતો ત્યારે વાર્તા વાંચી હતી. એક માણસની પાસે એક હાથી હતો એને ખુબ વ્હાલો. એ માણસે ભગવાન પાસે કશીક માંગણી કરી અને બાધા રાખી કે જો ભગવાન મારી માંગણી પુરી કરશે તો આ હાથી વેચીને જે પૈસા આવશે એ ભગવાનને અર્પણ કરીશ. ભગવાનની કૃપા થઈ કે પછી ભગવાનને એ માણસની વૃત્તિ પારખવી હશે એની ઈચ્છા પુર્ણ થઈ ગઈ. હવે ? હવે આપવાનો વારો માણસનો આવ્યો હાથી વેચું તો તો કેટલાં બધા પૈસા આવે. બધા ભગવાનને કંઈ આપી દેવાય ? શું કરવું વિચાર કરતાં કરતાં એણે અચાનક મફત શબ્દ ક્યાંક વાંચ્યો. દિમાગની બત્તી થઈ ગઈ. એની પાસે એક બિલાડી પણ હતી. એણે બિલાડીને હાથી બન્ને વેચવા મુક્યા દસ હજારની બિલાડી સાથે હાથી બિલકુલ મુફ્ત, મુફ્ત, મુફત. ભગવાન પણ આવા મફતિયા ભક્ત ઉપર વારી ગયા હશે નહી ?

ગીતામાં ભગવાન કૃષ્ણએ કહ્યું છે મફતનું લઈશ નહી. આ મફત એટલે અણહક્કનું, મહેનત વગરનું, મહેનત કર્યા વગર કંઈ પણ મળે એની ઉપર આપણો હક્ક નથી. વેપારીઓ પોતાની વસ્તુઓ વેચવા માટે મફતના આકર્ષણો આપે એમાં કંઈ ખોટુ નથી અને વેપારની દુનિયામાં કોઈ કશું મફત નથી આપનું એ મફતની કિંમત તમે વધુ કે ઓછા અંશે ચુકવતાજ હો છો. આ ફક્ત પોતાની વસ્તુ ખરાબ કે સારી વેચવા માટે લોકોની મફતીયા મનોવૃત્તિનો લાભ લેવાનો રસ્તો છે. બાકી ૬૦૦ રૂપિયા કિલો પોટેટો ચીપ્સ સાથે ટાટુ આપે એમાં નુકસાન કોને ? બે લીટર પાણીનાં (પેપ્સી) રૂા.૪૦ લઈને કશુંક મફત આપે એમાં વેપારીને કશું નુકસાન થતું નથી.

આપણા સમાજમાં પણ લોકોની મફતિયા મનોવૃત્તિ પોષવામાં આવે છે. મેડીકલનો કેમ્પ મફત કરવો અથવા બહુજ ઓછી કિંમતે કરવો અને એમાં પાછા લાકોને આકર્ષણ માટે ગીફ્ટ મફત. વિવિધ સંસ્થાઓની વાર્ષિક સામાન્ય સભામાં વધુને વધુ લોકોને આકર્ષવાનો એક માત્ર ઉપાય, ખાનગી વાત લીક કરી દેવાની કાલે મિટીંગમાં આવનારને બે નેપકીન મળવાના છે. ખલાસ, તેજપાલ ઓડીટોરીયલ હાઉસફુલ. સ્ટેજ ઉપરની કાર્યવાહી તો ઠીક એના કરતાં ક્યારે બહાર નીકળીને નેપકીન લઈને ઘરભેગો થઉં. જરૂરિયાતમંદોને નામે આપણે મફતિયા લોકોની આખી જમાત ઉભી કરી છે. નોટબુકો મફત, સ્પોર્ટસ મફત, દવા મફત, અનાજ પાણી મફત, ઘેરબેઠા માસિક ઘરખર્ચ મફત, છેલ્લા ૨૫ વર્ષમાં કેટલાં કુટુંબો આ મફત યોજનાથી ઉપર આવ્યા ? પુરક સહાય કે નજીવા દરે અપાયેલી વસ્તુ બરાબર છે એ મદદ છે. ટેકો છે. વિધવા કે વૃધ્ધોને આપવું એક બાબત છે. અને આખા કુટુંબને બધું મફત આપવું બીજી બાબત છે.

આપણે દાતાઓના અહમને પોષવા માટે એમની વાહવાહ કહેવડાવવા માટે નવી નવી યોજનાઓ મુકતાં જઈએ છીએ. પણ એવી કોઈ યોજના શરૂ કરી કે જેમાં જરૂરિયાત કુટુંબના સ્ત્રી કે પુરૂષો કામ કરીને પૈસા કમાઈ શકે ? આવા કુટુંબની સ્ત્રીઓ ભલે રોજના ત્રણ ચાર કલાક કામ કરીને

સામાન્ય દર કરતાં વધુ વેતન પામે, ભલે ઘરના પુરુષોને રજાના દિવસે થોડું કામ કરાવીને વધુ મદદ મળે. પણ બધુ મફત શા માટે? રોજગારની તકો ઉભી ના કરીને ફક્ત આપી દઈએ છીએ એ આપણી ગેરજવાબદારી અને છટકવાની વૃત્તિ જાહેર કરે છે. આપણે કદાચ મોટી રોજગાર યોજના ચાલુ ન કરી શકીએ તો બે ચાર આવી ચાલુ યોજનામાં સંપર્ક કરીને ત્યાં સ્ત્રી કે પુરુષોને કામ કરવાની સગવડ કરી શકાય ત્યાં રોજના ૫૦ રૂપિયા અપાતા હોય તો ભલે આપણે બીજા ૫૦ ઉમેરીએ મહેનતનું ફળ ભલે ડબલ કે એથી પણ વધુ આપીએ. એ લેવાથી એ કુટુંબનું માથુ ઝુકશે નહી. એ લોકો કહી શકશે કે મહેનતનું ખાઈએ છીએ મફતનું નહી. મદદો દ્વારા સમાજને ઉપર લાવવાનો છે એને પાંગળો દીન કે આળસુ બનાવવાનો નથી. કોઈપણ વસ્તુ હોય ટોકન રૂપે પણ એની કિંમત લેવીજ જોઈએ પછી એ દુધ યોજના હોય કે નોટબુક યોજના. દસ રૂપિયાની વસ્તુ ભલે રૂપિયા, બે રૂપિયામાં આપો પણ એનાથી વસ્તુની કિંમત પણ થાય અને લેનારનો અહમ પણ સચવાય આત્મસન્માન પણ સચવાય કે 'મેં મફત લીધું નથી.'

✍ નિખિલ પરીખ

---

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ

**હાર્ટ કેમ્પ :-** બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તારીખ ૧૮.૨.૨૦૦૬ને શનિવારના રોજ રાખવામાં આવેલ. હાર્ટકેમ્પમાં અમદાવાદના કાર્ડીયાક સર્જન ડૉ. ભૂપેશ જી. શાહ (કાર્ડીયાક સર્જન ડૉકટર) તથા ડૉ. યોગેશ ગુપ્તા (અમ.ડી. મેડીસીન) (ઈકો કાર્ડીયોગ્રાફી)એ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૫૫ દર્દીઓએ લાભ લીધેલો છે. ૪૦ ઈ.સી.જી. (કાર્ડીયોગ્રામ), ઈકો ૨૮, પેથોલોજીટેસ્ટ - ૦૨, એક્ષરે-૦૨ ફ્રી કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં ઈકો કલર ડોપલરથી કરવામાં આવેલ છે.

**સ્ત્રીરોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ:** બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં ગાયનેક નિદાન કેમ્પ તા. ૬.૨.૦૬ના રોજ રાખવામાં આવેલ. આ કેમ્પમાં ૮૨ દર્દીઓ તપાસ્યા તે પૈકી ૫૭ દર્દીઓને ઓપરેશનની તારીખો આપવામાં આવેલ છે. આ કેમ્પમાં એક્ષરે, લેબોરેટરી તેમજ ઓપરેશન મફત કરવામાં આવશે. તેજમ જરૂરીયાતમંદ દર્દીઓને દવામાં પણ રાહત આપવામાં આવશે. તા. ૨૦.૨.૦૬ સુધી કુલ ૧૯ ગર્ભાશયની કોથળીના ઓપરેશનો કરવામાં આવેલ છે. આગામી તા. ૩૧.૩.૦૬ પહેલાં ૫૭ ઓપરેશનો પૂરાં કરવામાં આવશે.

# ઘડપણને શણગારીએ

- અમિતા ધારીઆ

બાળકને જલ્દી મોટા થવું હોય છે. દરેક બાળકે એક વખત તો એવું કહ્યું જ હશે કે મને ખબર છે. હું કંઈ હવે નાનો નથી!

બચપનથી યુવાનીનાં સંઘર્ષ પછી માણસ હજુ માંડ ઠરી ઠામ થયો હોય ત્યાં ઉંમર તેને વિચારતો કરી દે છે. ચાલીસનો થાય ત્યારે માણસને થાય કે, ચાલીસ વર્ષ વીતિ ગયા. પછી Life begins at forty કહીને મન મનાવી લે છે.

જન્મતારીખના દિવસે તારીખનું એક પાનું ફાટતાની સાથે જીવનમાં એક વર્ષ ઉમેરાઈ જાય છે, દુઃખની એક ક્ષણ પણ જતી નથી અને જિંદગીના વર્ષો ચાલ્યા જાય છે. મૂછો ઉગવાની રાહ જોતાં માણસનાં માથાનાં વાળ ધોળા થઈ જાય ત્યારે તેને યુવાની વિતિ ગયાનો અહેસાસ થાય છે.

વૃધ્ધાવસ્થા માણસ પાસેથી ઘણું બધું લઈ લે છે. ઘડપણમાં આપણાં પોતાનું શરીર જ દગો આપવા માંડે છે. આંખે ઓછું દેખાય છે. કાને ઓછું સંભળાય છે. મોઢું દાંત વિનાનું બોખું થઈ જાય છે. માથાનાં વાળ ઓછા અને સફેદ થઈ જાય છે. શરીર પર કરચલીઓ પડી જાય છે. ઈન્દ્રિયો શિથિલ થઈ જાય છે. હરવા ફરવાની શક્તિ ખલાસ થઈ જાય છે. લાકડીના સહારે આવ-જા કરવી પડે છે. હાથમાં કશું કામ હોતું નથી. સમય થીજી ગયો હોય છે. આસપાસનાં કેટલાય મિત્રો, કેટલાય સ્વજનો કાયમ માટે વિદાય થઈ ગયા હોય છે. વાત કરવાનો સધિયારો નથી હોતો. માણસ મનોમન વાત કરે તો પણ કેટલી કરે ? દિવસમાં કંટાળો હોય, રાતની અનિદ્રા હોય. શરીર અને મનને બેચેની સતાવતી હોય રોજ દવા લેવી પડે એનો પણ કંટાળો આવતો હોય. એક પ્રકારની નિરાધારતા અને અસહાયતા અનુભવતા હોય છે. આમ ઘડપણ ક્યારેક બિહામણું અને મજબુરીથી ભરેલું હોઈ શકે છે. નરી લાચારી કોને કહેવાય, તેની ખબર જેટલી વૃધ્ધને હોય એટલી અન્યને ન હોય.

કહેવાય છે કે ઘડપણમાં માણસ બાળક જેવો થઈ જાય છે. પણ તે બાળકની જેમ બચપન નથી માણી શકતો. કારણ કે જીવન દરમિયાન જે ગ્રંથીઓ, પૂર્વગ્રહો અને માન્યતાઓ બંધાઈ ગઈ હોય છે તેને વૃધ્ધ માણસ છોડી શકતો નથી. જેથી ઢળતી ઉંમરે બાળક જેવો હળવો નથી રહી શકતો.

પ્રત્યેક માણસે જુવાનીમાં જ જાણી લેવું જોઈએ કે ક્યારેક હું વૃધ્ધ થઈશ. હું એકલો થઈશ. માણસ જો પોતાના એકાંતનું જતન કરી શકતો હોય તો તે કદી એકલવાયો નહિ થાય. એકાંતનું જતન કરવાં એ એક કલા છે. કોઈ બહારથી મદદ કરી શકશે નહિ. કોઈ તમને પૈસા ઉછીના આપી શકે પણ અંગત શોખ ન આપી શકે. તમે સાવ એકલા હો ત્યારે સંગીત સાંભળી શકો, પુસ્તકો વાંચી શકો,બાગ-બગીચામાં જઈ, મંદિરમાં જઈ પોતાનાં હમ ઉમ્ર સાથે ગપ્પા ગોષ્ઠિ કરી શકીએ. આમ દરેક માણસે પોતાનાં મનગમતાં શોખ કેળવ્યા હશે તો જીવનની સમી સાંજે આ બધું માણસને આનંદ આપશે. જો જીવનમાં નાના મોટાં આનંદ લૂંટતા આવડતા હશે તો વૃધ્ધાવસ્થા પણ રળિયામણી બને. માણસને ક્યાંકથી હૂંફ મેળવતા આવડવી જોઈએ. મતલબ માણસ પાસે પોતાનું કશું એવું હોય જેમાંથી એને પૂરતી હૂંફ, ઉષ્મા અને આનંદ મળી શકે.

ઘડપણ શરીરથી આવે તેના કરતાં મનથી વધુ આવે છે. ઉત્સાહ સભર વૃધ્ધ યુવાનથી ઉતરતો નથી. કેટલાંક વૃધ્ધો, ઘડપણની છેલ્લી અવસ્થામાં પણ મનથી પ્રસન્ન અને તાજગીભર્યા જોવા મળે છે. દુનિયામાં એવા

ઘણાં માણસો છે જેણે સાચી કીર્તિ અને પ્રસિધ્ધિ ઢળતી ઉંમરે શ્રેષ્ઠ કાર્યો દ્વારા મેળવી છે.

વૃધ્ધાવસ્થામાં ફરીથી ટુ-સીટર વિમાન ઉડાવનાર સ્વ. જે.આર.ડી. તાતા અને આપણા રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ ઢળતી ઉમરે જીવનને રોશન કરનારા બે ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે.

ઘડપણની શારીરિક મજબૂરી ભૂલી જઈએ તો થોડીક જાગૃતિ સાથે ઘડપણને સ્વસ્થતાથી શણગારી શકાય. સમાજમાં નજર ફેરવીએ તો ઠેર ઠેર સ્વસ્થ, પ્રસન્ન અને અલગારી વૃધ્ધો જોવા મળે છે. પરિવાર તેને દાદા દાદી કહીને લાડ-પ્યાર આપે છે. મનથી સ્વસ્થ એવા આ માણસો તનથી પણ સ્વસ્થ રહે એવી શક્યતા વધારે હોય છે.

ઘડપણને સોહામણું બનાવી શકાય તે માટે દરેક વૃધ્ધોએ સુખી થવાનો દ્રઢ સંકલ્પ કરવો જોઈએ. સૌને સ્નેહ આપવો. પરંતુ બહુ વળગણ ન રાખવું. બધું છોડીને ચાલી નીકળવાનું છે તે હંમેશા યાદ રાખવું. ઘરનાં બાળકો અને સ્વજનો માટે પ્રસંગ આવે થોડીક ઉદારતા સાથે ખર્ચ કરી છૂટવો. જે પૈસા ખર્ચાયા તે અંતે એમને જ મળવાનાં હતાં. દાદા-દાદી મરીને ડોસા-ડોસી થવાની જરૂર નથી. પણ ઝાઝી શિખામણ આપવાનું સંપૂર્ણ બંધ કરવું. નવી પેઢીને ઉપદેશની એલર્જી હોય છે. ખરે વખતે મૂંગા રહેવાની કળા હસ્તગત કરવી. પૂછવામાં આવે ત્યારે લાગ જોઈએ થોડાંક શબ્દોમાં બધું કહી દેવું. રોજ થોડાંક કલાક પરિવારથી દૂર ચાલ્યા જવું. આરોગ્યની ખૂબજ કાળજી રાખવી. મનગમતી પ્રવૃત્તિમાં દિલ પરોવવું. રોજ એકવાર વિચારવું કે, દીકરો દીકરો નથી, પત્ની પત્ની નથી. સગા સગા નથી. હું શિવ સ્વરૂપ છું. મને સમજે તે મારો સ્વજન. હવે હું એ બધાં માટે જીવતો નથી. હું કેવળ પ્રભુને જવાબદાર છું. અન્ય કોઈને નહિ. મૃત્યુ ભલે આવે, હું મસ્તીથી મરવા ઈચ્છું છું. સુર્ય આથમી જાય, તેની સાથે હું આથમી જવા ઈચ્છું છું. કૃષ્ણ મને અતિ પ્રિય છે. કદાચ હું પણ તેને પ્રિય હોઉં. મારો આવો વહેમ મૃત્યુની છેલ્લી ઘડી સુધી જળવાઈ રહે એવી મથામણ એજ મારી પ્રાર્થના છે.

દરેક દિવસના અંત સાથે ઉંમરની રેખામાં એક બિંદુ ઉમેરાય છે. આ બિંદુ અને રેખામાંથી જીવનની કેવી રંગોળી બનાવવી તે માણસનાં હાથમાં છે. સૂરજ આવતાંજ અંધારૂં ભાગી જાય છે. ઉત્સાહમાં સૂરજને ઉગતો રાખો, અંધારૂ આપોઆપ ભાગી જશે.

When you were born,
you cried and world rejoiced.
Live your life in such a manner,
that when you die,
the world cries and you rejoice.

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો-ઓપરેટિવ ક્રેડીટ સોસાયટી લી.

સર્વે મેમ્બરોને જણાવવાનું કે આપણા મેમ્બરોની સગવડતા ખાતર સમાજની ઓફીસમાં ફેબ્રુઆરી માસથી કામકાજનો સમય નીચે મુજબનો રાખવામાં આવ્યો છે. તેની આ સૌ મેમ્બરોએ નોંધ લેવા વિનંતી છે.

**Cash (રોકડ) લેવાનો સમયઃ**

સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ વાગ્યા સુધીનો રહેશે.

**Cheque (ચેક) લેવાનો સમયઃ**

સવારે ૧૧.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધીનો રહેશે.

વધુમાં જણાવવાનું કે જે શેરહોલ્ડર મેમ્બરો સોનાના સિક્કા લેવાના બાકી હોય તેવા શેરહોલ્ડર મેમ્બરોએ સમાજની ઓફીસમાંથી સોમવાર થી શનિવાર સાંજ ૪.૦૦ થી ૬.૦૦ વાગ્યાના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી છે.

***લી.: વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રેડીટ સો. લિ.***
***કારોબારી સમીતી વતી***

# યુરોપ ડાયરી

□ પ્રવીણ દેસાઈ

**૧૪ જૂનઃ** રોજના ક્રમ મુજબ સવારે નગર દર્શન માટે નીકળી પડયા. નિર્ધારિત સમય કરતાં મોડુ થયું હોવાથી રોમના ટ્રાફિકમાં કિલોમીટર લાંબી ગાડીઓની હારમાં મંથર ગતિએ અમારી બસ ચાલી રહી છે. રોમમાં અમને ગાઈડની સગવડ મળી છે. પહેલીવાર અહીં મકાનોની બહાર સુકાતા વસ્ત્રો જોવા મળ્યાં. રોમ આપણા જયપુર રાજસ્થાન જેવું લાગ્યું. અહીં મે જૂનમાં ગરમી હોય છે. જુલાઈ-ઑગસ્ટમાં વરસાદ, શિયાળામાં અસહ્ય ઠંડી. નગરની પૌરાણિક દિવાલ, કિલ્લો, એના દરવાજા આપણા પૌરાણિક શહેરોની યાદ અપાવે છે. ટાઈબેરીઅન આઈલેન્ડ નદી પર પહેલાં યુનિવર્સિટી હતી. અત્યારે યુરોપની અદ્યતન નતમ હૉસ્પિટલ છે. ઈટાલીના એકીકરણની ૫૦ મી વર્ષગાંઠ નિમિત્તે બનાવેલું વિક્ટર ઈમેન્યુઅલ બીજાનું વિશાળ સ્મારક જોઈ હેરત પામીએ છે. સ્પ્લેન્ડીડ ટ્રેવી ફાઉન્ટન ફુવારા માટે લોકવાયકા છે. કે એમાં એક સિક્કો નાખનાર પ્રવાસી વ્યક્તિને રોમની ફરીવાર મુલાકાત લેવી પડે છે.

'વેટિકન સિટી' એટલે પોપનું સામ્રાજય, કેથોલિક ખ્રિસ્તીઓના ધર્મગુરુનું સમગ્ર વિશ્વ પર અહીંથી શાસન ચાલે છે. દરરોજ સવારે ૧૦ વાગે પોપ દર્શન આપે છે. ૩૦૦૦ જેટલા લોકોને સમાવવાની ક્ષમતા ધરાવતો, બેઠકોની સગવડવાળો વિશાળ ચોક, લાંબામાં લાંબી આશીર્વાદ (બ્લેસીંગ્સ) બાલ્કની અહીંનો 'હોલીગેટ' પવિત્ર દરવાજો પચીસ વર્ષે ૨૫ મિનિટ માટે ખુલે છે. ૪૭૫ ફૂટની ઉંચાઈએ વિશાળ ગુંબજમાં ૬૨૦૦૦ પાઉન્ડની સોના બ્રોન્ઝની કેનોપી છે. માર્બલની લાદીઓના ટુકડાથી જોડીને કરેલું રંગબેરંગી ચિત્રકામ આબેહુબ ઓઈલ પેઈન્ટીંગ્સ લાગે છે. આરસની શિલ્પાકૃતિઓ પ્રેક્ષણીય છે. જોન પોપ પોલ (૧૯૬૩) નું મમી અહીં રાખવામાં આવ્યું છે. માઈકલ એન્જેલો સાથે બીજા ચાર સ્થપતિઓએ આર્કિટેક્ટસ આ વિશાળ બસાલીકા ચર્ચનું નિર્માણ કરાવ્યું છે. રોમ ૩૦૦૦ વર્ષ પહેલાં નાની નાની ટેકરીઓ પર વસેલું શહેર હતું. આજે આધુનિક નગર બન્યું છે. આર્કિયોલોજી વિસ્તારની મુલાકાત પ્રવાસનું મહામૂલુ સંભારણું છે.

આ સિવાય વિક્ટોરીયા મોન્યુમેન્ટ, બાલ્કની, મુસોલિની સ્કવેર, ડાઉન-ટાઉન સ્પેનીશ સ્કવેર, ફલેવીઆ એમ્ફી થિયેટર, બેનહર સ્ટેડિયમ, રોમન સામ્રાજયના માર્બલ નકશા, સર્કસ મેક્સિનો વગેરે જોવાલાયક સ્થળો છે. સાત ટેકરીઓનું પૌરાણિક ખંડેર નગર બાર્બરોએ વેરેલા વિનાશના સાક્ષી સમું આજેય ઉભું છે. રોમન ફોરમમાં જુલિયસ સિઝરની કબર છે. મધર ટેરેસાનું રોમન મુખ્ય મથક છે.

પ્રવાસમાં ૫૦-૫૫ પ્રવાસીઓ એકસાથે હોય ત્યારે એકબીજાના સ્વભાવ, મૂડ જુદા જુદા હોય એ ખૂબ સ્વાભાવિક છે. આ બધા સાથે સંવાદ સાધી આપણે ચાલવું પડે. સમયસર બધા તૈયાર ન હોય, નગરદર્શન માટે નિકળ્યા હોઈએ કે દસ મિનિટના વિરામ વેળાએ સમય કરતાં મોડા આવતા પ્રવાસીઓની અન્ય ટૂરીસ્ટોએ રાહ જોવી પડે ત્યારે, થોડાક અથરા થઈ જઈએ પણ સમૂહ પ્રવાસની આવી મર્યાદા સ્વીકારી ચાલવું પડે તો જ પ્રવાસનો ખરો આનંદ માણી શકાય.

બસના એક ટાયરે આજે અમારી સાથે રૂસણાં લીધાં આશરે ૮-૧૦ કિલોમીટરનું અંતર કાપી બસને સર્વિસ રોડ પર ઉતારવી પડી. આપણે ત્યાં વાહનને બ્રેકડાઉન થાય ત્યારે રસ્તા વચાળે ઉભું રાખીએ તેવું અહીં શકય નથી. અમને એક રેસ્ટોરન્ટ પર મૂકી યાનો ટાવર બદલાવવા ગયો તે દરમ્યાન ટૂર મેનેજરના સૌજન્યથી અમને ચા-કોફી મળ્યાં. બે કલાક જેટલું સમયપત્રક ખોરવાઈ ગયું.

રોમથી વિશ્વની અજાયબીઓમાંના એક પિસા ટાવરની મુલાકાત ૮.૦૦ વાગ્યા પછી જ લઈ શક્યા. પિસા નાનું પણ તાલેવંત ગામ છે. ૧૨ મી સદીમાં આક્રાંતાઓએ પિસાની સમૃધ્ધિ રોળી નાખી હતી.

પિસામાં જમીન પોંચી છે અહીં આવું બાંધકામ મુશ્કેલ અને ટાવરની ઉંચાઈના પ્રમાણમાં પાયો મજબૂત જોઈએ. ૧૧ મા સૈક્રામાં ૧૮૫ ફૂટ, ૮ માળના પ્લાન મુજબ બાંધકામ શરુ કર્યું, પરંતુ મિનારો ઢળતો બંધાવાના કારણે ૮૫ ફૂટ ૩ માળ સુધીનું જ બાંધકામ કર્યું. ચાર વર્ષ પહેલાં તારના દોરડાથી પાયો મજબૂત કરવાની વ્યર્થ કોશિશ થઈ. આ મિનારો ઢળતોજ રહ્યો. આ કારણે એને વિશ્વની અજાયબીઓમાં સ્થાન મળ્યું. પિસા એના ઢળતા મિનારાના લીધે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું. ટાવર બંધ હોવાથી અમે ઉપર ના જઈ શક્યા. ટાવરની સાથે કથિડ્રલ ચર્ચ બાંધવામાં આવ્યું છે. આ ચર્ચનો બેલટાવર તરીકે ઉપયોગ થાય છે. કરારા મારબલમાં બનેલા ચર્ચ અને મિનારો જોવાલાયક બન્યાં છે. પિસામાં અમારો રાત્રિનિવાસ પાર્ક હોટલમાં.

પિસાની વિદાય લેતાં મનમાં વિચાર આવે છે. સ્થપંતિઓ અને બાંધકામના નિષ્ણાતોએ પોચી ભૂમિ ઉપર ઉભો કરેલ આ ઢળતો મિનારો એમની ભૂલના કારણે વિશ્વવિખ્યાત બન્યો!

**૧૫ જૂનઃ** પંદર દિવસના પ્રવાસમાં સાથે લીધેલી છત્રીનો આજે પ્રથમ વાર ઉપયોગ થયો. વર્ષારાણીએ સવારથી પધરામણી કરી છે. અમારું પ્રયાણ મોનેકો અને મોન્ટે કાર્લો દક્ષિણ ફ્રાન્સ તરફનું છે. અઢી કલાકની બસ મુસાફરીમાં અત્યાર સુધીનું સૌથી સુંદર લોકેશન જોવા મળ્યું. વરસાદી મહોલમાં કુદરતની લીલા નિહાળતાં રોમાંચ થાય છે. દૂર ગિરિકંદરાઓ વાદળોની ચાદર ઓઢી નિંદર માણી રહી છે. સફેદ માર્બલ માટે જાણીતું નગર કરારા હાઈવેની ડાબે-જમણે અમારી નજર સામે પસાર થઈ રહ્યું છે. દરિયાની સમાંતર અને પહાડોની વચ્ચે ૫૦૦-૧૦૦૦ મીટરની એક પાછળ એક આવતી ટનલોમાંથી પસાર થઈ રહ્યા છીએ. એક સાથે બે વાહનો જઈ શકે એવી જવા આવવા માટેની બે અલગ ટનલો છે.

મૌસમના પહેલા વરસાદની મજા આ વખતે વિદેશમાં માણવા મળી. બચપણના મોજ-મસ્તીના દિવસો, વતનની માટીની સોડમ યાદ આવી ગઈ. મનમાં જગજીતસિંઘ ચિત્રાએ ગાયેલી ગઝલની પંક્તિઓનું સ્મરણ થઈ આવ્યું.

***''યે દૌલત ભી લે લો, શોહરત ભી લે લો,***
***ભલે છીન લો મુજસે મેરી જવાની,***
***મગર મુઝકો લૌટા દો બચપન કા સાવન,***
***વો કાગજ કી કશ્તિ, વો બારિસ કા પાની.''***

મોનાકો નાનું પણ સ્વતંત્ર રાષ્ટ્ર છે. ચાર કલાકની સફર પછી અમે દક્ષિણ ફ્રાન્સમાં પ્રવેશી રહ્યા છીએ. દરિયા કિનારે નાંગરેલી અસંખ્ય યાટ્સ બોટનું અદ્ભુત દશ્ય કોઈ કલાકારે ચિતરેલા કેન્વાસ સમું લાગી રહ્યું છે.

હોલ પર દરિયાઈ ચીજ વસ્તુઓનું સંગ્રહસ્થાન છે. ત્રણ સ્તરથી ઉપર જવા માટે લિફ્ટની વ્યવસ્થા છે. સરસ મજાનો બાગ, ફૂલછોડ, વૃક્ષોની છાયામાં મનભરી ફરવા મળ્યું. મોન્ટે કોર્લોમાં ફરારી ગ્રાન્ડ પ્રિક્સ મોટર રેસનો માર્ગ જોઈ નીસ શહેર જવા નીકળ્યા કેટલાક પ્રવાસી મિત્રો નસીબ અજમાવવા કેસિનોમાં જઈ આવ્યા. નીસ અંગ્રેજીમાં 'NICE' મરીન ડ્રાઈવ જેવો દરિયા કિનારો, પ્લસ મરીના સ્કવેર પાસે બસ અમને ઉતારી દે છે. બે લાલ મકાનોની વચ્ચેથી પસાર થતી નાનકડી ગલી અમને દરિયા કિનારે લઈ જાય છે. વૉટર સ્પોટર્સમાં બલૂન જેવી છત્રીમાં બે વ્યક્તિઓને સ્પીડ બોટ દ્વારા આકાશમાં ઉંચે ઉડાડવામાં આવે છે. પાછા વળતાં બન્નેને કિનારે સહીસલામત ઉતારે છે. આ સાહસિક રમતનું મૂલ્ય છે. ૫૦ યુરો આજે રાત્રે અમારો નિવાસ હૉટલ મરકયુરમાં.

**૧૬ જૂનઃ** પ્રવાસનો અંતિમ તબક્કો શરુ થઈ

ગયો છે. સવારે ૮.૩૦ કલાકે કેન્સ 'CANNES' થઈ લ્યુસનની અમારી સફર છે. કેન્સ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલ માટે જગવિખ્યાત બન્યું છે. ફિલ્મ સેન્ટરનું મકાન પ્રવેશ ના મળવાથી બહારથી જ જોઈને સંતોષ માનવો પડયો. સેન્ટરના પ્રાંગણ, ફૂટપાથ અને મુખ્ય પ્રવેશ દ્વાર પાસે ફિલ્મ કલાકારોના હાથની છાપ, વિવિધ રંગી લાદીઓમાં કંડારવામાં આવી છે. આ સ્થળે એક કલાક સ્વતંત્ર રીતે ફર્યા.

નીસ છોડી દીધું છે. આલ્પસનો પુનઃ થયેલો સંગાથ હજુ છુટયો નથી. અમારી આંગળીએ વળગેલા આ પર્વતે વચમાં થોડો સમય સિવાય અમને તરછોડયા નથી. વિવિધ પ્રદેશોમાં એના જુદાં જુદાં નામ છે, પરંતુ છેવટે છે તો આલ્પસજ. શેક્સપિયરે તો કહ્યું છે. નામમાં શું છે ? કિંતુ આલ્પસને આપણે હિમાલય નથી કહી શકતા, ના હિમાલયને આલ્પ્સ આજનો દિવસ થકાનભર્યો, બાર કલાકની મુસાફરીનો રહ્યો. સાયંભોજન સેન્ટ્રલ હૉટેલમાં લઈ, રાત્રિ મુકામ હૉટલ એન.એચ. ફ્રીબર્ગમાં લ્યુસન.

**૧૭ જૂન:** સહપ્રવાસી રાજેન્દ્ર દેસાઈનો આજે જન્મદિવસ, અમે બસમાં ઉજવ્યો. બસના સૌ કુટુંબીજનોએ શુભેચ્છા આપી. ટૂર મેનેજરે 'તુમ જિયો હજારો સાલ' ગીત દ્વારા એમનું અભિવાદન કર્યું.

સવારથી જ જીનીવા નીકળી પડયા. જીનીવા, સરોવરના કિનારે અને આલ્પસની પર્વમાળની પછી તે વસેલું ભવ્ય નગર છે. આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા આ શહેરમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ યુનોનું વડુ મથક છે. ચોતરફ ફ્રાન્સથી ઘેરાયેલો આ પ્રદેશની ૯૫ ટકા પ્રજા ફ્રેન્ચ ભાષા બોલે છે. ઈ.સ. ૧૮૧૫ પછી જીનીવા શહેર સ્વીટ્ઝર્લેન્ડનો ભાગ બન્યું છે. હરિયાળા વૃક્ષોથી આચ્છાદિત યુનોનું અને એની સામે રેડક્રોસનું મકાન છે. યુનોના મકાન પર બધાજ સભ્ય દેશોના રાષ્ટ્રધ્વજ ફરકી રહ્યા છે. આપણા તિરંગાને પરદેશની ધરતી પર ફરકતો જોઈ ગૌરવ અનુભવ્યું. રેડક્રોસના મકાનની ટોચે રેડક્રોસના નિશાન સાથે સફેદ ધ્વજ અમન શાંતિના પ્રતિક સમો ફરકી રહ્યો છે. આ પરિસર દસ મિનિટ સુધી બસમાંથી નિહાળ્યો. જીનીવા શહેરનું ભ્રમણ, બસદ્વારા અને થોડુંક પગપાળા કરતાં સરોવર કિનારે કંડારેલી શિલ્પાકૃતિઓ જોઈ. યુરોપની પ્રજા પાસે કલા-સંસ્કૃતિનો અદ્ભુત વારસો છે.

સરસ રીતે કાપેલા, એક ઘાટના વૃક્ષોનો નજારો કમનીય છે. બ્રુન્સવીક નામની ધનિક સામાજીક વ્યક્તિની યાદમાં તેમનું સ્મારક અહીં મૂકવામાં આવ્યું છે. બુકરરના વિશાળ શો રૂમની સામે ફૂલોનું ઘડિયાળ Floral Clock જોયા વગર આ શહેરની મુલાકાત અધૂરી રહી જાય. વિખ્યાત મોન્ટ બ્લેક પૂલ પરથી પસાર થતા, સરોવરના કિનારે ફરતાં જોયો વિશ્વનો ઉંચામાં ઉંચો ફુવારો ૧૪૦ મીટર્સ પ્રતિસેંકડે ૫૦૦ લીટર્સ પાણી છોડે છે.

સ્વીટ્ઝર્લેન્ડમાં છેલ્લો મુકામ જીનીવાને અલવિદા કરી ફ્રાન્સની સરહદમાં પ્રવેશ નિર્વિઘ્ને મળી જાય છે. ૬૫ કિલો મીટરની દૂરી પર આવેલ નગર ડુજોનની હૉટલ સેન્ટ જયોર્જમાં બપોરે ૩.૩૦ કલાકે અમે 'ચેક-ઈન' કરી નગર દર્શન માટે નીકળીએ છે. અપ્રતિમ સૌન્દર્ય ધરાવતું આ શહેર એના આર્કિટેક્ચરલ સ્થાપત્ય વારસા માટે જાણીતું છે. એનાં નાનારંગી છાપરાવાળાં જૂના મકાનો પ્રેક્ષણીય છે. એક કાળે બરગંડીના ડયુક્સનું પાટનગર ડુજોનના વાઈન, રાઈ અને મસાલા વખણાય છે. ખાનપાનનું આંતરરાષ્ટ્રીય મહત્વનું શહેર છે.

વાઈન ફેક્ટરીની મુલાકાત એટલે એક વિશાળ ગુફા જેવા ભોંયરામાં અમારો પ્રવેશ. અંધારિયા ગોડાઉનમાં લગભગ ૪૦૦૦ મિલિયન જેટલી વાઈનની બાટલીઓનો સંગ્રહ કરવાની ક્ષમતા છે. ૬૦ ટકા સફેદ અને ૪૦ ટકા રેડ વાઈન છે. પ્રવાસી ગ્રુપના દરેક સભ્યને ચાખવા માટે નાની વાટકીઓ અને પ્રત્યેક યુગલને એક બોટલ વાઈનની ભેટ આપવામાં આવી.

પશ્ચિમના ઉત્પાદકોની માર્કેટીંગની પધ્ધતિ અજીબોગરીબ છે. આમ તેઓ પોતાના ઉત્પાદનો સીધા વપરાશકારોના હાથમાં મૂકી દે છે. આ પહેલાં ચૉકલેટ ફેક્ટરીનો અનુભવ એક સરખો રહ્યો.

આજની સાંજ સેન્ટજુલિયન નામના ગ્રામીણ પરિસરમાં ગીત-સંગીત-નૃત્ય અને ખાણીપીણીના સથવારે વીતી. નાના બેઠા ઘાટના, ઢોળાવવાળા, નળિયાના છાપરાના મકાનો, વિશાળ ખેતરોનો ફ્રાન્સનો અંતરિયાળ પ્રદેશ, મનમોહક આહ્‌લાદક વાતાવરણ, શહેરના ઘોંઘાટ ધમાલથી દૂર નિરવ શાંતિ છે. જૂના રાજમહેલના 'હેરીટેજ' મકાનની પછી તે, વિશાળ ખુલ્લા ચોગાનમાં મન મૂકીને રાસ-ગરબાની રમઝટ જમાવી. રાત્રિ ભોજન અહીંજ પતાવી રાત્રે ૧૦.૩૦ કલાકે અમે હૉટેલ પાછા આવ્યા. આવતી કાલે યુરોપ સફરનો અમારો અંતિમ પડાવ પૅરિસમાં છે.

**૧૮ જૂનઃ** આજે ૧૯ દિવસનો અમારો પ્રવાસ પૂરો થશે. રોમાન્સનું શહેર પેરિસ, ફેશનનું પર્ફ્યુમ્સનું શહેર પેરિસ. પેરિસને પ્રકાશના શહેરનું બિરૂદ પણ પ્રાપ્ત થયું છે. પેરિસ એટલે ફ્રાન્સનું પાટનગર, ફ્રેન્ચ ક્રાન્તિનો ઈતિહાસ ભણ્યા ત્યારે ફ્રાન્સની વાત વાંચી હતી. રાજા લૂઈસ ૧૮ મા સામે બળવો પોકારી ફ્રેન્ચ પ્રજાએ સ્વતાંત્રતા મેળવી. ફ્રાન્સ-પેરિસ એટલે રાષ્ટ્રપતિ દગોલ, ફ્રાન્સ સાથે કેટલી બધી વાતો સંકળાયેલી છે. નેપોલિયન બોનાપાર્ટને કેમ ભુલાય?

સાઈન નદી પર વસેલાં પેરિસમાં આપણા ઈન્ડિયા ગેટ જેવોજ ગેટ છે. શિલ્પાકૃતિઓ, દંગોલ સ્કવેર, ફેશન સ્ટ્રીટ, ગ્રાન્ડ પેલેસ, કાચ મ્યુઝિયમ, સ્થાપત્ય, કલા અને જગવિખ્યાત લુવ્ર મ્યુઝિયમ એફિલ ટાવર, આ બધું જોવા એક અઠવાડિયું પણ ઓછું પડે! એક દિવસમાં અમને જે કૈ થોડું ઘણું જોવા મળ્યું તેમાં, સોનાના બે પૂતળાં, એફીલ ટાવર, દંગોલ સ્કવેર, બોનાપાર્ટ પાર્ક અને અલબત્ત પેરિસની રંગીન રાત્રિ. જેનું આકર્ષણ લગભગ બધાજ ટુરિસ્ટોને હોય છે.

પેરિસમાં અમારી સૌપ્રથમ મુલાકાત એફિલ ટાવરની જગતની અજાયબી સમો આ ટાવર ૩૨૦ મીટર્સ ઉંચો છે. ૧૮૮૯ માં બંધાયો. ૧૦૦૦૦ ટન સ્ટીલનો ઉપયોગ થયો છે. ત્રણ માળ સુધીનું બાંધકામ થયું છે. અમે કેવળ પ્રથમ લેવલ થી પેરિસનું વિહંગાવલોકન કર્યું. એફીલની ડીઝાઈનનો કેટલોક હિસ્સો ગુસ્તાવ એફિલે કર્યો હતો. દર સાત વર્ષે ટાવરને રંગવામાં આવે છે. પંચાવન ટન સામગ્રીની જરૂર પડે. ત્રણ વર્ષનો સમય લાગે છે રંગકામમા. ફ્રેન્ચ કંપનીએ ટાવરની લિફ્ટ બનાવવા પોતાની અશક્તિ દર્શાવતાં ઓટિસે ટાવર માટે લિફ્ટ બનાવી આપી.

ઈ.સ. ૧૯૫૯ સુધીમાં ૩૫ મિલીઅન પ્રવાસીઓ આ ટાવરની મુલાકાત લઈ ચુક્યા છે. આ બધામાં જુલીઅન બર્ટિન સાડાદસ વર્ષનો કુમાર નસીબવંતો પુરવાર થયો. એફીલના પ્રપૌત્ર મી. લેગ્રીને સિમકા P૬૦ ગાડી ચાવી સાથે એને ભેટ આપી. ટાવરના અનેક વી. આઈ. પી. મુલાકાતીઓમાંના એક જાપાનના રાજા હીરોહીટોએ ૨ જૂન, ૧૯૨૧ ના દિને ટાવરની મુલાકાત લીધી હતી.

સાઈન નદીમાં સફર એટલે પેરિસનું બોટમાંથી દર્શન સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પ્રતિકૃતિ, એફીલનું પુનઃદર્શન, નદીના બન્ને કિનારોની સમાંતરે બહુમાળી મકાનો, પેરિસીઅન મોન્યુમેન્ટસ, એલેક્ઝાન્ડર ત્રીજાનો પૂલ, ઑરસે મ્યુઝિયમ, નેશનલ એસેમ્બલી વગેરેનું દર્શન અવર્ણનીય આનંદ આપે છે.

અને છેલ્લે પેરિસની રંગીન રાત્રિનો શૉ, પેરિસની આ નાઈટ એટલે સંગીત, નૃત્ય, સ્ટ્રીપ ટીઝ અને અંગકસરતના હેરતભર્યા કાર્યક્રમની રાત્રિ ડીનર અને વાઈનની રંગત માણતાં આ બધું જોવાનું વિશાળ હોલમાં બધીજ બેઠકો દર્શકોથી ભરાઈ ગઈ. રાત્રે ૯.૩૦ થી

પ્રારંભ થઈ ૧૧.૦૦ વાગે શૉ પૂરો થાય ત્યાં સુધીનું મનોરંજન આ રાત્રિની વિશિષ્ટતા છે. કલામય ટોપલેસ નૃત્ય, પ્રકાશ આયોજન, સેટ, સ્પેસ શટલ, આપણા સર્કસ જેવા ઝુલાના તેમજ અંગકસરતના ખેલ, કાગળ અને ફુગ્ગાની વર્ષાનો યાદગાર અનુભવ થયો. આ શૉ માં. સ્ટેજ પર એકસાથે ૬-૬ રમણીઓ અનાવૃત થઈ આપણી સમક્ષ એટલી કમનીયતાથી પેશ આવે છે કે આપણી સુરુચિનો પણ ભંગ નથી થતો! છેવટે નગ્નતા કે બિભત્સતા તો આપણી આંખોમાં જ હોય છે ને? આપણા ચિંતક-લેખક ગુણવંત શાહે પોતાના એક પ્રવાસ લેખમાં લખ્યું હતું. ''મિયામીના દરિયાકિનારે અમે બે જ અસભ્ય હતા. એક હું અને બીજો મારો મિત્ર''

રાત્રે પાછા વળતાં પ્રકાશના શહેર પેરિસનો સુંદર નજારો જોવા મળ્યો. એફિલ ટાવર પર ઝગમગતા વીજળી ગોળા જાણે અંતરીક્ષમાં ખરતા તારા કે પ્રકાશવંત હીરા જેવા દિસે છે. રાત્રિના અંધકાર પર પ્રકાશનું સામ્રાજય છવાઈ ગયું હોય એવા માર્ગો, મકાનો, હાંડીસમા વીજળી દીવા કે ફાનસો પેરિસની રાત્રિને રોશનીમય બનાવે છે.

**૧૯ જૂન:** પેરિસથી એરઈન્ડીઆના ૧૪૪ વિમાનદ્વારા સ્થાનિક સમય ૧૧.૪૫ કલાકે સ્વદેશ પાછા ફરવા ઉડ્ડયન કરી રહ્યા છીએ ત્યારે, આ બધા દિવસોમાં યુરોપ, એની સંસ્કૃતિ, કલા, લોકોની શિસ્ત, પર્યાવરણ પ્રત્યેની જાગરૂકતા, વાહન વ્યવહાર, એના ચાલકોની ધીરજ, પાદચારી, પેડેસ્ટરીઅન્સ પ્રત્યે એમનું સૌજન્ય, પર્વતો, હરિયાળા ખેતરો, જૂની ઢબના કલાત્મક મકાનો, વાતાવરણની અનિશ્ચિતતા, ૬૦૦૦ કિલોમીટર્સનો આરામદાયક બસપ્રવાસ, વિશાળ દ્રુતગતિમાર્ગો, વાહન વ્યવહારના નિયમો પ્રત્યેની પ્રતિબધ્ધતા, બસ-ડ્રાયવરો, લોકશાહી માટે નાગરિકોની ખેવના, એની નિર્બંધ બિનધાસ્ત હરતીફરતી લલનાઓનો સ્વતંત્ર મિજાજ, એનું આર્થિક સામાજિક સ્વાતંત્ર્ય, ખભેખલા મિલાવી કામ કરતાં સ્ત્રી-પુરુષો, સ્વચ્છતા માટેની નાના બાળકથી વયસ્ક વડીલો સુધી દરેકની કાળજી બધુંજ મારા સ્મરણપટ પર અંકિત થઈ ગયું છે. જીવનની યાદગાર સફર પૂરી કરી સહાર આંતરરાષ્ટ્રીય વિમાન મથકે પગ મૂકીએ છે તે ઘડીએ આપણી દૈનંદિન ઘરેડમાં પાછા ફરવાનો વસવસો થાય છે. છતાં માતૃભૂમિ એટલે જ સ્વર્ગથી મહાન માતા જેવી ની લાગણી અનુભવાય છે. ૧૯ દિવસના વતનઝુરાયા પછી એના પુનર્મિલનનો આનંદ અવર્ણનીય છે.

આ પ્રવાસ ડાયરીમાં વિદેશની જે ઉજળી છબી છે એની સાથે મારો દેશ, મારા લોકોની સરખામણી સહજ થઈ જાય છે. મારા મનમાં લઘુતાગ્રંથીનો કોઈ ભાવ નથી. મને શ્રધ્ધા છે કે વર્ષોના સ્વાતંત્ર્યાનુભવ પછી ભારત પણ વિદેશના રાષ્ટ્રોની સમકક્ષ કદાચ 'વન-અપ' બની રહેશે.

# ઊઠમણું, બેસણું કે પ્રાર્થનાસભા ?

- સુરેશ લ. પરીખ

આજકાલ વખત પસાર કરવા માટેનું ઉમદા સ્થાન એટલે કોઈનું ઊઠમણું, બેસણું કે પછી એની પ્રાર્થનાસભા.

એક વડીલ જે આજકાલ નિવૃત છે, તેમને મેં બેસણાંમાં પુછયું કે બેસણાંમાં આપ આવ્યા છો એટલે એ તમારા સગાસંબંથી થતા હશે અથવા તો તે તમારા મિત્ર કે સ્નેહી હશે ? તો એ વડીલ કહે છે કે ના... ના.. ભાઈ, આ કોઈ મારા સગાસંબંધી કે મિત્ર – સ્નેહી પણ નથી, આ તો ઘરમાં બેસી રહેવાનો કંટાળો આવે છે એટલે એમ થાય કે ચાલો ત્યારે બેસણાંમાં જઈશું તો વખત પણ પસાર થશે અને એ બહાને ઓળખીતા– પાળખીતાને મળાશે.

બીજો એક યુવક મળ્યો તેને પણ ઉપર મુજબનો સવાલ કર્યો તો તે કહે એક તો વડીલની નજરમાં રહેવાય અને તેમને લાગે કે છોકરો કેટલો વહેવારૂ છે કે દરેક સારામાઠાં પ્રસંગે હાજરી આપે છે અને એ બહાને કોઈ સાથે ધંધાની પણ બે વાત થઈ જાય છે.

બેસણાં કે પ્રાર્થનાસભામાં આજકાલ ધંધાની વાતો કે પછી શેરબજારની ચર્ચા થાય છે અને ક્યારેક તો કેમ છો ? કંઈ ઘણા વખતે તમે તો મળ્યા. આપણે તો બસ કોઈની પ્રાર્થનાસભા હોય કે કોઈના ત્યાં લગ્ન કે સારો પ્રસંગ હોય ત્યારે જ મળીએ છીએ. આમાંજ આપણે શાંતિથી વાતચીત કરી શકીએ છીએ. આવું બધુંજ બેસણાં, ઊઠમણાં કે પછી પ્રાર્થનાસભામાં જ સાંભળવા મળે છે.

સ્વર્ગસ્થ વ્યક્તિને માટે પ્રાર્થનાસભામાં શાંતિ રાખવાને બદલે અશાંતિ આપણે ઉભી કરીએ છીએ. ભજન પાર્ટીવાળાઓએ પણ વારંવાર જાહેરાત કરવી પડે છે કે મહેરબાની કરીને મરનારના આત્માને શાંતિ મળે તે માટે શાંતિ જાળવો. આને બેસણું ના કહેવાય, વ્યાપાર કરવાની ઓફીસ કહેવાય, શેરબજારના ભાવો જાણવાની એક જાતની રીંગ જ કહેવાય અથવા સમય પસાર કરવાનું એક સ્થળ કહેવાય.

ખરેખર બેસણાં તો આપણા દેશમાં થતા હતા. મરનારના આત્માની શાંતિ માટે તેમના સ્વજનોને આશ્વાસન આપવા માટે અથવા સ્વજનોને એમ થાય કે તેઓ એકલા નથી પણ આપણે બધા પણ તેમની સાથે તેમના દુ:ખમાં સહભાગી છીએ. ક્યાં છે એ ભાવના ? આ તો બધો જ એક જાતનો દેખાડો કે આંડબર છે, જે રીતરિવાજોને આધીન કરવું પડે એટલે આપણે બધા કરીએ છીએ.

મને લાગે છે કે બેસણાંની પ્રથા એટલા માટે રાખવામાં આવી હશે કે મરનારના સ્વજનોને મળવા માટે લોકો અવારનવાર તેમના ઘરે જાય તો તે પરિવારના લોકો વારંવાર દુ:ખી થાય એટલે જ એકજ વારમાં બધા તેમને એકજ ઠેકાણે મળીને મરનારના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે અને સ્વજનોને બધા આશ્વાસન આપે. સ્વજનોને પણ એમ લાગે કે આ બધા અમારી સાથે છે. જુના જમાનામાં આપણા વડીલોએ આવીજ કોઈ ભાવનાથી આ પ્રાર્થના ચાલુ કરી હશે. આજે આપણે બેસણાંને હાસ્યાસ્પદ બનાવી નાખ્યાં છે.

# વાડાસિનોરના વર્તમાન...

- નગરના જૂના બસ સ્ટેન્ડ વિસ્તારનાં ગેરકાયદે દબાણો, અનઅધિકૃત ઓટલા વગેરે જે.સી.બી. દ્વારા હટાવવામાં આવ્યા છે. ૨૪ જેટલી દુકાનોને અસર થઈ છે. આ સિવાય જાહેર માર્ગ પરની દુકાનો આગળના દબાણો હટાવી જાહેર માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો છે.
- બાલાસિનોર જેસીસ દ્વારા નચ બલિયે તથા પતંગોત્સવ અને સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. અને પી.વી. વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે આનંદ બીગ બજાર યોજવામાં આવ્યો.
- જિલ્લા પોલીસ શશિકાંત ત્રિવેદીએ આપેલ માહિતી મુજબ પોલીસ કર્મચારીઓને સગવડતા મળે તે માટે અગ્રતાના ધોરણે મકાનોનું બાંધકામ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.
- વિરપુર તાલુકાના ડેભારી ગામ તરફ જવાનો રસ્તો ઘણાં વર્ષોથી બિસમાર હાલતમાં છે. મોટા ખાડા પડી ગયા હોવાથી અવર જવર કરતાં વાહનો ખોટકાઈ જવાથી ભારે નુકસાન વેઠવું પડે છે. વારંવાર રજૂઆત કરવા છતાં તંત્રની આંખો ઉઘડતી નથી!
- જલારામ સોસાયટીના રેહવાસી મુળજીભાઈ પ્રજાપતિ જેઓ શાળામાં શિક્ષક છે. રજાઓ દરમ્યાન વતન ગયા હોવાથી બંધ ઘરમાંથી અજાણ્યા ચોર-ઈસમોએ તાળાં તોડી તીજોરોમાંથી દાગીના તથા રોકડ મળી કુલ રૂા.૨૩,૧૦૦/- ની માલમત્તા ચોરી ગયા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.
- કૉલેજ દ્વારા સ્પર્ધા સપ્તાહ યોજવામાં આવ્યું હતું. જેમાં ૧૬ જેટલી હરીફાઈઓમાં ૩૨ વિજેતા હરીફોને વાર્ષિક ઈનામ વિતરણ દિવસે ઈનામો આપવામાં આવશે. આચાર્ય શ્રીએ હાજર રહી પ્રોત્સાહન આપ્યું હતું. કૉલેજનો પાંચમો રસોત્સવ કૉલેજ હોલ ખાતે યોજાઈ ગયો. ૨૫ જેટલી સાંસ્કૃતિક આઈટમો રજૂ થઈ હતી. પી.આઈ શ્રી જોષી, વિદ્યામંડળના મંત્રી શ્રી રજનીભાઈ શાહ અને શ્રી કાન્તીભાઈ કવિએ દીપ પ્રગટાવી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું. પ્રો. રજની ભટ્ટ તથા પ્રો. ચંપક શાહે સંચાલન કર્યું. આચાર્ય શ્રી મનુભાઈ પાઠકે (હવે સ્વ.) સૌને આવકાર આપ્યો. રસોત્સવના બીજા દિવસે જ પ્રિન્સીપાલ શ્રી પાઠકનું સવારે ૫.૩૦ વાગે દુઃખદ અવસાન થયું.

- લાખો રૂપિયાની બાકી વેરા વસૂલાત ચડી ગઈ હોવાથી ખાસ અભિયાન દ્વારા પાલિકાએ રૂપિયા પોણા સાત લાખની વસૂલાત કરી છે.
- સ્ટેટ બેન્કના મેનેજર શ્રી રમેશભાઈ ઉનડકટ તા.૨૪.૧.૦૬ ના દિને ૬૧ મા વર્ષે પ્રવેશતા હોઈ બેન્ક તરફથી યોજવામાં આવેલ રક્તદાન કેમ્પમાં ૬૧ બોટલના લક્ષ્યાંક સામે ૧૦૧ બોટલનું રક્તદાન થયું! ૨૦ જેટલા રક્તદાતાઓ નિરાશ થઈ પાછા ગયાં.
- લાયન્સ હોલ ખાતે સ્ટેટ બેન્ક તરફથી ગ્રાહક મિલન સમારંભ યોજવામાં આવ્યો.
- આચાર્ય શ્રી મનુભાઈ પાઠકનું અવસાન થવાથી તેમને શ્રધ્ધાંજલિ આપવા માટે ગામના નાગરિકો તથા મુંબઈથી ખાસ હાજરી આપવા ગયેલ હોદ્દેદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.
- સ્વામીનારાયણ મંદિરેથી વસંત પંચમીના ઉજવણી પ્રસંગે નીકળેલી શોભાયાત્રામાં સંપ્રદાયના સત્સંગીઓ મોટી સંખ્યામાં જોવાયા હતા.
- બાલાસિનોરમાં વિકાસપથનો વિકાસ એકાએક અટકી ગયો છે. માર્ગની બંને બાજુ ખોદાણ કરી કપચી મેટલના ઢગલા કરી દેવાયા છે. બે મહિનાથી અટકી ગયેલ કામના કારણે વાહન વ્યવહાર અને પ્રજાને મુશ્કેલી પડે છે.
- દલિત હત્યાનો વિરોધ કરવા નગરથી કસુંબાડ સુધી એક હજાર જેટલા દલિત ભાઈ-બહેનોની રેલી યોજવામાં આવી હતી.
- પ્રજાપિતા બ્રહ્મકુમારી વિશ્વવિદ્યાલય તરફથી બ્લડ પ્રેશર, હૃદયરોગ, ડાયાબીટીસના રોગથી યોગ સુધીની એક શિબિરનું તા.૧૦ ફેબ્રુ. થી ૧૪ ફેબ્રુ. દરમ્યાન આયોજન કરવામાં આવ્યું.
- વેરાસામાં ૫૭ મા પ્રજાસત્તાક દિન નિમિત્તે તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન બિપીનભાઈ પરમારના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.

(ઈશારોમાંથી સંકલિત)

## કૉલેજના આચાર્ય સ્વ. મનુભાઈ પાઠકને શ્રધ્ધાંજલિ

બાલાસિનોરની આટર્સ અને કોમર્સ કૉલેજના પ્રારંભકાળે, દષ્ટિવંત આચાર્ય શ્રી વિનોદભાઈ અધ્વર્યુએ કોલેજનું સુપેરે સંચાલન કર્યું હતું. ત્યારબાદ થોડાં વર્ષો આચાર્યોની આવન–જાવન પછી આપણને ડૉ. મનુભાઈ પાઠક એક વિચક્ષણ વહીવટકાર, શિક્ષણને સમર્પિત વ્યક્તિ, વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને નગરજનોના સ્નેહભાજન, અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ આચાર્ય મળ્યા હતા.

હજુ બે મહિના પહેલાંજ કોલજેની ઓફીસમાં, જેઠોલી મુકામે એન.એસ.એસ.ના કેમ્પ નિમિત્તે, કવિ શ્રી કાન્તીભાઈ શાહ સાથે એમને મળવાનો સંયોગ પ્રાપ્ત થયો હતો. ત્યારે એમનાં ઉત્સાહ અને ધગશની આ લખનારને પ્રતીતિ થઈ હતી. આ પૂર્વે પ્રમુખશ્રી નટવરલાલ પરીખ વોરાના પ્રયત્નથી મુંબઈના કાર્યકરો, શિક્ષણ ક્ષેત્રે પ્રવૃત્ત મિત્રો– અગ્રણીઓ અને દાતાઓની એક મિટીંગ સમ્રાટ હોટલમાં મળી ત્યારે એમની સાથે વિચારવિમર્શની તક સાંપડી હતી.

આમ અચાનક હજુ નિવૃત્તિનો સમય બાકી હતો છતાં આપણી વચ્ચેથી પોતાના દેહની ગઠડીને ઉપાડી લઈ ચાલી નીકળ્યા એનું દુ:ખ છે. એમનાં આદર્શો અધૂરા ન રહે અને જે કેડી સ્વર્ગસ્થ મનુભાઈ પાઠક કંડારી ગયા છે. એ રસ્તે વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને નવા આવનાર આચાર્ય પોતાની કૂચ જારી રાખશે તો એમને અર્પેલી શ્રધ્ધાંજલી સાર્થક થશે.

સ્વર્ગસ્થનાં કુટુંબીજનો પર આવી પડેલા દુ:ખમાં સમસ્ત બાલાસિનોર વાસીઓ વતી સહભાઈ થતાં શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છે.

*– પ્રવિણ દેસાઈ*

# બાલાસિનોરની બધી સંસ્થાઓ દ્વારા ઝામ્બીયાના કોન્સ્યુલેટ જનરલ શ્રી સુરેન્દ્ર પરીખનું સન્માન

બાલાસિનોરની ૧૧સંસ્થાઓ દ્વારા શ્રી સુરેન્દ્રભાઈ પરીખનું ઝામ્બીયાના કોન્સ્યુલેટ જનરલ થવા બદલ તારીખ ૧૯ મી ફેબ્રુઆરી ના રોજ સવારે ૯.૦૦ વાગે ઈન્ડીયન મર્ચન્ટ ચેમ્બર, ચર્ચગેટ ખાતે સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની આગેવાની શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજે લીધી હતી. સવારના બ્રેકફાસ્ટ બાદ સન્માન સમારંભ શરૂ થયો હતો. કાર્યક્રમનું સંચાલન નિખિલ પરીખે સંભાળ્યું હતું. મંત્રી શ્રી પંકજભાઈ ધારીઆ (લાલખાં)એ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે મા જેમ સંતાનના વિજય બદલ કપાળે ચુંબન આપીને નવાજે એમ આપણી બાલાસિનોરની બધી માતૃસંસ્થાઓ દ્વારા આપણા સપુત સુરેન્દ્રભાઈનું આજે સન્માન કરવું છે. ત્યારબાદ શ્રી નવનીતભાઈ ધારીઆ (માટલી) એ બધી સંસ્થાઓની સ્થાપના અને એના કાર્યોની તવારીખ સુંદર રીતે રજુ કરી હતી. ત્યારબાદ શ્રી વ્રજેશભાઈ દેસાઈએ સુરેન્દ્રભાઈની ઓળખ, તેઓની જીવન ઝરમર અને તેઓએ મેળવેલી સિધ્ધિઓની ઝાંખી સુંદર રીતે રજુ કરી હતી. સમારંભના પ્રમુખ તથા વિદ્યામંડળના પ્રમુખ શ્રી નટવરભાઈ પરીખ (વોરા) દ્વારા આપણી સૌ સંસ્થાઓ વતી પ્રેમના પ્રતિકરૂપે સુરેન્દ્રભાઈને મેમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. વિદ્યોતેજક મંડળના પ્રમુખ શ્રી મધુસુદનભાઈ કડકિઆએ સૌ બાલાસિનોરવાસીઓના હુંફના પ્રતિકરૂપે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. સુરેન્દ્રભાઈની સફળતાના પ્રેરક તથા પિતાસ્વરૂપ શ્રી નગીનભાઈ પારેખનું સન્માન ક્રેડીટ કૉ.ઓ.સોસાયટીના ચેરમેન શ્રી પ્રવીણભાઈ દેસાઈ (દેડકી) દ્વારા કરવામાં આવ્યું હતું. સુરેન્દ્રભાઈની સફળતાના અને જીવનના અર્ધાંગીની શ્રીમતી ઉર્વશીબહેનનું સન્માન સાંસ્કૃતિક મંડળના પ્રમુખ શ્રી રસીકભાઈ ધારીઆ (દલાલ) દ્વારા પુષ્પ ગુચ્છથી કરવામાં આવ્યું હતું. આ સન્માનના પ્રત્યુત્તર રૂપે શ્રી સુરેન્દ્રભાઈ પરીખે જણાવ્યું હતું કે આજે આપ સૌ મારા પ્રત્યેની લાગણી અને પ્રેમ દર્શાવવા બદલ અહીં એકત્રીત થયા છો. આપ સૌને હું એક વાત જણાવી દઉં કે હું તો બહુજ નાનો માણસ છું. કોઈપણ વ્યક્તિની સફળતાનાં બે કારણો એ હોય છે કે પ્રથમ પુરૂષાર્થ અને પછી પારબ્ધ જયારે પુરૂષાર્થ અને પારબ્ધ સાથે સાથે ચાલે ત્યારે તે વ્યક્તિ સફળતાના શિખરો સર કરે છે.

શ્રીનાથજી બાવાની પરમકૃપા તેમના આશિર્વાદ અને સાથો સાથ મારા પૂજય નગીન મામા એ મારી આંગળી પકડી અને મને અંતરથી તેમના આશિર્વાદ પ્રાપ્ત થયા અને હજી પણ તેમનો પ્રેમ સહકાર માર્ગદર્શન અને આશિર્વાદ મળતા રહે છે. આ બધાના પરિમાણ સ્વરૂપ મે જે કાંઈ પ્રગતિ કહી છે તેનું રહસ્ય આ છે.

રીપબ્લીક ઓફ ઝાંબીયાના રાષ્ટ્ર પ્રમુખ શ્રી માનવાસા દ્વારા મને તેમના દેશ H.E. માટેનો ઓનરરી કાઉન્સલેટ જનરલ ઈન મુંબઈ તરીકે મારી નીમણુંક કરી છે.

એક ભારતીય નાગરિક તરીકે અને ખાસ તો મારા વતન બાલાસિનોરના વતની તરીકે હું ખુબ ખુબ ગૌરવ અનુભવું છું.

રીપબ્લીક ઓફ ઝાંબીયાના રાષ્ટ્રપ્રમુખે મારામાં જે વિશ્વાસ મુકી મને આ કાર્ય કરવાની જે તક આપી છે તે બદલ હું તેમનો આભારી છું.

આપ લોકોની શુભેચ્છા મારા માતાપિતાના આશિર્વાદથી હું કાર્યભાર સફળ રીતે સંભાળી શકીશ એવી મને આશા છે.

એક વાતનો અફસોસ મને જરૂર છે કે આજે મારા માતા-પિતા મારી સાથે હોત તો તેમને કેટલો આનંદ થાત. તેમણે ઘણો સંઘર્ષ કરી મને ઉછેર્યો છે. પરંતુ તેઓના આશિર્વાદ મને આપતા જ રહે છે. એટલો હું મારી જાતને સૌભાગ્યશાળી સમજુ છું.

હું હંમેશા કહું છું કે કોઈપણ સફળ વ્યક્તિની સફળતા પાછળ સ્ત્રીનો હાથ હોય છે. મારી પત્ની શ્રીમતી ઉર્વશીએ હંમેશા મારા દરેક કાર્યમાં મને સાથ આપ્યો છે. મહિનાના ઘણા દિવસો હું ઈન્ડીયાની બહાર હોઉં છું. ત્યારે ઉર્વશીએ મારી ઓફીસનો ભાર હસ્તે મુખે સંભાળ્યો છે. આવી પત્ની પામવા બદલ હું મારી જાતને ધન્ય સમજુ છું. મારી આ પ્રગતિ પણ આપ લોકોની શુભેચ્છાને આશિર્વાદનું ફળ છે એમ હું માનુ છું.

કોઈ પણ વ્યક્તિ શુન્યમાંથી સર્જન ત્યારે જ કરી શકે છે, જયારે કેટલાક પ્રેરક બળો તેનો સાથ દે છે. મારી જીંદગીમાં મારા બીઝનેસની પ્રગતિમાં આ પ્રેરક બળો એ અગત્યનો ભાગ ભજવ્યો છે.

સફળતાની સીડીનાં એક પછી એક પગથિયાં ચડતાં ચડતાં હું આજે આ મુકામે પહોંચ્યો છું.

અંતમાં આપ લોકોએ અહીં પધારી એક બાલાસિનોરના વતનીનું બાલાસિનોરના નાગરીક દ્વારા મારૂ સન્માન કર્યુ છે તે બદલ હું આપ સૌ નો ખુબ ખુબ આભારી છું અને બાલાસિનોરના વતની તરીકે ગૌરવ અનુભવુ છું.

સુરેન્દ્રભાઈના ફ્રેન્ડ ફિલોસોફર તથા ગાઈડ એવા શ્રી સુરેન્દ્રભાઈ ઠાકરે પણ સુરેન્દ્રભાઈની પ્રગતિની કેટલીક સુંદર વાતો રજુ કરી હતી. સમારંભના પ્રમુખ શ્રી નટવરભાઈ પરીખે પણ સુરેન્દ્રભાઈની સિધ્ધિોને બિરદાવી હતી અને વધુ સફળતા માટે સૌ સંસ્થાવતી શુભેચ્છા આપી હતી. સુરેન્દ્રભાઈ પરીખે આ પ્રસંગે રૂપિયા અગિયાર લાખનું માતબર દાન સંસ્થાઓને આપવાનું જાહેર કર્યુ હતું. અંતમાં શ્રી યોગેશભાઈ ધારીઆ દ્વારા આભારવિધિ કરવામાં આવ્યો હતો.

# સવારે ખીલીને કરમાયું છે રાતના

ફૂલ તું ખીલ્યું છે એક દિવસના
સવારે ખીલીને કરમાયું છે રાતના,
છતાં પણ તે આપ્યું છે ઘણું બધુ,
ચારેકોર ફેલાવી છે સુવાસ બહુ તણું.
હારમાં જડીત થઈ તે ખીલાવ્યું,
જીવન પતિપત્નીનું,
ગજરામાં ગુંથાઈ જઈ મન મહેકાવ્યું,
તે બાલ-બાલી કાનું,
અને છંતાયે કહેવા છતાં ના,
સવારે ખીલીને કરમાયું છે રાતના
મંગલમય પુષ્પ બની તે સ્થાન લીધું,
પ્રભુના ચરણમાં,
અન્યથા ફૂલ બની તે સ્થાન લીધું
મરણની સેજમાં,
પ્રભુને પ્રાર્થના કરી છતાં પણ,
સવારે ખીલીને કરમાયું છે રાતના.
તુજ દેહમાં અનેક ઘણા કાંટાઓ
હોવા છતાં પણ, કદી ના કર્યુ તે કોઈ દી,
જરાયે અક્રામણ, ધન્ય છે તું અને તારી કામના
સવારે ખીલીને કરમાયું છે રાતના
ખુદ જાતને પીસીને 'અત્તર' બની
મહેક દીધી છે આ જગમાં,
છતાં પણ તે પ્રેરણા સીંચી, મનુષ્યના હૃદયમાં,
અમર રહે તું સદાયે એ જ પ્રાર્થના,
સવારે ખીલીને કરમાયું છે રાતના

***- અમીતા અજીતકુમાર પરીખ***

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત આરોગ્યધામના નવા નિયમો**

૧) આ સેનેટોરિયમનો લાભ બાલાસિનોર દશાનીમા જ્ઞાતિજનોને જ મળી શકશે.

૨) આ સેનેટોરિયમમાં રહેવા ઈચ્છા રાખનાર કુટુંબના વડાએ સમાજ સંચાલિત સેનેટોરિયમના મુક્કર કરેલ અરજી પત્રક પર ટ્રસ્ટીઓને અરજી કરવી પડશે.

૩) અમાનત રાખવાની રકમ તથા દરેક બ્લોકના સાફ-સુફીના ભાડાના, ઈલેક્ટ્રીક તથા ખર્ચની વિગતો આ સાથે જુદા પત્રમાં આપેલ છે તે પ્રમાણે આપવી પડશે.

૪) આ સેનેટોરિયમમાં રહેવા ત્રણ માસની પરવાનગી આપવામાં આવશે. મુદત પુરી થવાના ૧ માસ પહેલા વધુ ત્રણ માસ માટે રહેવા માટેની અરજી કરી શકાશે. સેનોટોરીયમ ખાલી હશે તો વધુ રહેવાની મંજુરી મળશે. વધુમાં વધુ બે વખત વધારાની મુદતમાં રહેવા મળશે. અને આ વપરાશ માટે ભાડુ રૂા.૩૦/- પ્રતિદીનના હિસાબે પહેલાં લેવામાં આવશે.

૫) જે વ્યક્તિઓનું મકાન રીડેવલેપમેન્ટમાં એટલે કે બીલ્ડર તોડીને નવું બનાવતા હશેતેમને વધુમાં ૧૮ માસ માટે રહેવાની પરવાનગી આપવામાં આવશે. અને તેની અરજી પહેલાથી કરવી પડશે. અને તે માટે તેમણે રૂા.૪,૦૦૦ ભાડાના દર માસે આપવા પડશે. જે ૨૨.૨.૦૬ થી આ કાયદો લાગુ પડશે.

૬) જે વ્યક્તિઓએ રીડેવલેપમેન્ટ માટે પહેલેથી અરજી કરી અને પહેલેથી રહેતા હશે એમના માટે રૂા.૩૦/- પ્રતિદિનનો કાયદો ચાલુ રહેશે એ વ્યક્તિને ૧૮ માસ પુરા થશે જગ્યા ખાલી કરવી પડશે.

૭) વધુમાં વધુ ૪ મોટા અને ૨ બાળકોનો આ બ્લોકમાં રહેવાની પરવાનગી મળશે.

દરેકે રહેવાના દિવસનું ભાડું પહેલેથી આપવું પડશે. અને ડીપોઝીટનાં રૂા પણ કાયદા પ્રમાણે ભરવા પડશે.

☛ ડીપોઝીટ જે વ્યક્તિની ત્રણ માસ માટે બ્લોક બુક કરશે તેને ઈલેક્ટ્રીક બીલ માટે ડીપોઝીટના રૂા.૭૫૦જમા કરાવા પડશે. એટલે ભાડુ અને ડીપોઝીટ પહેલા જમા કરવ્યા બાદ બ્લોકનો કબજો મળશે.

☛ જે વ્યક્તિ ૧૮ માસ માટે બ્લોકની માંગણી કરે છે તે ત્રણ માસનું ભાડું રૂા.૧૨,૦૦૦/- અને ઈલેકટ્રીક વપરાશની ડીપોઝીટના રૂા.૪,૦૦૦/-, ત્રણ મહીને ભાડાના તથા ડીપોઝીટ રકમ માંથી ઈલેક્ટ્રીક બીલના રૂા બાદ કરી વધારાની ડીપોઝીટ ભરવી પડશે.

બાકી બધા કાયદા છાપેલા ફોર્મનાં લખેલ છે. તે પ્રમાણે લાગશે. આ કાયદા ૨૨.૦૨.૦૬ ના મીટીંગમાં સર્વાનુમતે પસાર થયેલ છે.

*મંત્રી : પંકજ ધારીયા, ભદ્રેશ ધારીયા*
*સયોજક : પ્રદીપ કડકીયા*


## બંગલો વેચવાનો છે.

નામ ''વૃંદાવન'' સલીઆવડી દરવાજાની બહાર ટાઉન હોલ તથા હાઈસ્કૂલ જવાના રસ્તે, મેઈન રોડ ઉપર, હાઈવેને લાગીને ૩૬૦૦ સ્કેવર ફુટના પપેટળાં બાંધેલો. સંપૂર્ણ સગવડવાળો ફળ, ફુલ તથા ઝાડોથી શોભિતો યોગ્ય કિંમતે આપવો છે, તો મળો.

**જયંતિલાલ લલ્લુભાઈ ધારીઆ**

મંજુલા નિવાસ, કડીઆના ઢાળે, જૈન મંદીરના રસ્તે, ગાંધી ચોકની સામે, બાલાસિનોર તથા ૫/૧૮, નવ ગાયત્રી, ૮૦-વાલકેશ્વર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૬

ફોન.૨૩૬૯૦૩૧૮

*લી. જયંતિલાલ લલ્લુભાઈ ધારીઆ*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત જનસાથી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૦૬

નિહાર કડકિઆ V/S શ્રમીક શાહ. શ્રમીક શાહે પોતાની ટીમનાં પુરા ખેલાડીના આવવાથી મેચ કન્સીડ કરી હતી.

**શીતેન કડકીઆ V/S દીપેન મોદી**

શીતેન કડકીઆ ટીમ ૨૭૪ રન - કામીલ શેઠ૫૨ રન, ચેતન ૪૯ રન, મીતુલ પરીખ ૬૦/૪ વિકેટ, દીપેન મોદી ૫૨/૩ વિકેટ.

દીપેન કડકીઆ ટીમ ૧૪૦ રન ઑલ આઉટ - ઉત્સવ મોદી ૭/૩ વિકેટ, ચેતન ૨૩/૨ વિકેટ,

**અપુર્વ ધારીઆ V/S કીંજલ પરીખ**

અપૂર્વ ટીમ ૩૦૮/૭ વિકેટ - સમીર સી. દેસાઈ ૧૪૦ રન નોટ આઉટ, ધરવ પરીખ ૪૪ રન, કીંજલ પરીખ ૭૨/૩ વિકેટ

કિંજલ પરીખ ટીમ ૨૩૧ રન ઑલ આઉટ -સમીર આર દેસાઈ ૬૦ રન, રાજુ પરીખ ૨૭ રન, સમીર સી દેસાઈ ૨૯/૩ વિકેટ, વ્યોમેશ શાહ ૩૧/૩ વિકેટ.

**અર્પુવ ધારીઆની ટીમનો ૭૭ રનથી વિજય**

**નીરવ દેસાઈ V/S સાહીલ દેસાઈ**

નીરવ દેસાઈ ૩૦૯ રન - રવિશ દેસાઈ ૧૦૧ રન, નીરવ દેસાઈ ૫૯ રન, અનીષ દોશી ૫૧/૩ વિકેટ, સુકેતુ પરીખ ૧૪/૨ વિકેટ

સાહીલ દેસાઈ ટીમ ૮૪ રન ઓલ આઉટ - નીરવ દેસાઈ ૨૩/૯ વિકેટ

**નીરવ દેસાઈની ટીમનો ૨૨૫ રનથી વિજય**

**સેમી ફાઈનલ્સ**

૧) નીરવ દેસાઈ V/S અપૂર્વ ધારીઆ

૨) નીહાર કડકીઆ V/S શીતેન કડકીઆ

*કન્વીનરઃ શ્રી રૂપીન પી. કડકીઆ (બેરા)*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત લાલખાં ટ્રોફી સીંગલ વિકેટ ક્રિકેટ ટુર્નામેન્ટ

દીલીપભાઈ મુ. ધારીઆ લાલખાં પુરસ્કૃત સીંગલ વિકેટ ક્રિકેટ ટુર્નામેન્ટ તા.૧૫.૧.૦૬ ના રોજ વિલ્સન કોલેજ જીમખાનાં ખાતે રમાઈ હતી. મુંબઈમાં એ દિવસે સ્ટાન્ડ્ર ચાર્ટડ બેંક સ્પોન્સર મેરેથોન રેસ હોવા છતાં ૪૦ ક્રિકેટરોએ આ ટ્રોફી માટે ભાગ લીધો. સેમી ફાઈનલમાં કીંજલ પરીખ V/S શીતેન કડકીઆ અને સંદીપ ધારીઆ V/S રવિશ દેસાઈ ફાઈનલમાં આવ્યાં. કીંજલ પરીખે ૨૭ રન કર્યાં. ૧૨ બોલમાં જયારે રવિશ દેસાઈ ફક્ત ૧૨ રન કરી શક્યાં. આમ કીંજલ પરીખે ૨૦૦૫-૨૦૦૬ ની લાલખાં ટ્રોફી જીતી લીધી. દીલીપભાઈ તથા તેમના કુટુંબીજનો આ મેચમાં હાજર રહ્યા હતાં. તેમના તરફથી દરેક ખેલાડીને સુંદર કેપ આપવામાં આપી હતી. આ દિવસે ફીલ્ડીંગ માટે ખેલાડી બહારથી બોલાવવામાં આવ્યાં હતાં.

*કન્વીનર - શ્રી રૂપીન પી. કડકીઆ (બેરા)*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

☺ શ્રીમતી અંજુબહેન કીરીટકુમાર દેસાઈ હસ્તે શ્રીમતી લીલાબહેન તથા ડૉ. બાબુલાલ સાંકરલાલ દેસાઈ તરફથી રૂા.૫૦,૦૦૦/- નું માતબર દાન મળેલ છે. જેનો હોસ્પીટલ સહાય યોજનામાં ઉમેરો કરવામાં આવેલ છે. સંસ્થા શ્રીમતી અંજુબહેનનો તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર માને છે.

☺ શ્રીમતી નિશા જતીન દેસાઈ તરફથી તેમની સુપુત્રી નીતીના લગ્ન પ્રસંગે રૂા.૧૧,૦૦૧/- નું માતબર દાન મળેલ છે. જેનો ન્યાસ ફંડમાં ઉમેરો કરવામાં આવેલ છે. સંસ્થા નિશાબહેનનો તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર માને છે.

*મંત્રીઃ શ્રી પ્રદીપ કડકીઆ*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (ઉપનગર વિભાગ)

શ્રી બાલાસિનોર સંઘ ઉપનગર વિભાગનો બીજો પ્રોગ્રામ ગુજરાતી નાટક ''કેમ છો મજામા'' પ્રબોધન ઠાકરે બોરીવલીમા રાખ્યો હતો. તા. ૨૯.૦૧.૦૬ રવિવારે સવારના ૧૦.૦૦ કલાકે જેમા ટીકીટનો દર રૂા.૨૦/- બાલ્કની તેમજ રૂા.૩૦/- અને રૂા.૪૦/-. નીચે આગળની રો પ્રમાણે દર રાખ્યો હતો. વહેલો તે પહેલા ધોરણે ટીકીટનું વેચાણ બોરીવલી, કાંદીવલી, મલાડ, અંધેરી, અને મુંબઈ રાખ્યું હતું. ડ્રામા બહુજ સારો હતો હાઉસફુલ ગયો હતો.

આ સાથે પ્રબોધન ઠાકરે પાસે જમવાની વ્યવસ્થા કરી હતી જેમાં ૨૫૦ કરતા વધારે વ્યક્તિએ લાભ લીધો હતો.

આમ બીજો પ્રોગ્રામ બહુજ સારો ગયો હતો. બોરીવલી, કાંદીવલી, અને મલાડ તરફથી બહુજ સારો સહકાર મળ્યો હતો. દરેક કાર્યકર્તાઓનો આભાર.

***મંત્રીઃ પ્રદીપ કડકિઆ*** ***સંયોજકઃ હેમેન્દ્ર શાહ***

---

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

લગ્ન પ્રસંગે મળેલ દાન વચનની યાદી

૧) શ્રી કેતન જયંતીલાલ કડકિયા (ધંગેલા) ના સુપુત્ર ચી. કેનોયના લગ્ન પ્રસંગે રૂા.૧,૦૦,૦૦૦/-

૨) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ ની સુપુત્રી ચિ. નીતીના લગ્ન પ્રસંગે રૂા.૮૦,૦૦૮/-

૩) શ્રી દીપક નટવરલાલ ધારીયા ના સુપુત્ર ચી. દીપેનના લગ્ન પ્રસંગે રૂા.૨૨,૦૦૦/-

૪) શ્રી જગદીશકુમાર મણીલાલ શાહ (કડુજી) ના સુપુત્ર ચી. દર્શિત ના લગ્ન પ્રસંગે રૂા.૧,૦૦,૦૦૦/-

# શ્રી વાડિસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે ઉપયુક્ત મંડળને હાલમાં નીચે મુજબ દાન વચન પ્રાપ્ત થયેલ છે.

૧) શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) તરફથી શ્રીમતી સુભદ્રાબહેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) ન્યાસફંડ રૂા. ૧,૦૦,૦૦૦/-

૨) રમણલાલ ચંદુલાલ કડકીઆ (કપડવંજવાલા) ન્યાસફંડ પેટે તેમના સુપુત્ર દેવેન્દ્રભાઈ તરફથી રૂા.૨૪,૦૦૦/- (આગળના રૂા.૧૧,૦૦૦/- ઉમેરતા ઉપયુક્ત ન્યાસફંડની કુલ રકમ રૂા.૩૫,૦૦૦/- થવા જાય છે.)

૩) શ્રી સુરેશચંદ્ર લલ્લુભાઈ પરીખ (રોકડિયા) રૂા. ૨૧,૦૦૦/-

૪) શ્રી ભુપેન્દ્ર પ્રવિણચંદ્ર દોશી તરફથી રૂા.૧૧,૦૦૦/-

૫) શ્રી પંકજ કીર્તનલાલ ગાંધી (પાકા) રૂા.૧૧,૦૦૦/-

મંડળની કાર્યવાહક સમિતિના સભ્યો તેમજ ટ્રસ્ટીઓ ઉપયુક્ત દાન વચન બદલ દાતાઓનો આભાર માને છે.

***માનદ્ મંત્રીઓ***
***અસીત રમેશચંદ્ર દેસાઈ***
***કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

**શ્રી દીલીપભાઈ મુળજીભાઈ ધારીઆ પુરસ્કૃત**
**બી..એન.એસ. - લાલખાં ટ્રોફી ટુર્નામેન્ટ**
**વર્ષ ૨૦૦૫-૨૦૦૬**
**-: સંઘની ટીમનો ૨ - ૨ થી વિજય :-**

તા. ૨૫.૧.૨૦૦૬ના નીકળી બાલાસિનોર ખાતે ચાર મેચો રમવા સંઘની ટીમ પહોંચી.

**૧ લી મેચ તા. ૨૬.૧.૨૦૦૬** ટાઉન ટીમની સામે રમાઈ. ટાઉન ટીમે ટોસ જીતીને દાવ લીધો અને પહેલી બેટીંગ કરતાં ૩૭-૩ ઓવર્સમાં ૧૫૭ રન કર્યા. ઈરફાન-૨૬ રન, તથા મનસુર - ૫૧ રનનો ફાળો આપ્યો. સંદીપ ધારીઆએ ૨૩/૩ વિકેટ તથા નીરવ દેસાઈ ૨૫/૨ વિકેટ લીધી. સંઘની ટીમે ૧૫૮ રન ૩૫ ઓવર્સમાં ૮ વિકેટે કરી મેચ જીતી લીધી.

સંદીપ ધારીઆ - ૨૭ રન તથા કીંજલ પરીખ - ૨૨ રન કર્યા, અમીતે ૩૭/૩ વિકેટ લીધી. આમ **સંઘની ટીમનો ૨ વિકેટે વિજય થયો.**

**૨જી મેચ તા. ૨૭.૧.૨૦૦૬** સર્વોદય ટીમે ટોસ જીતી પહેલા બેટીંગ કરતાં ૪૦ ઓવર્સમાં ૨૩૧ રન કર્યા. ભાવીક પટેલે - ૯૬ રન, સુજીત પટેલ -૩૩ રન કર્યા. જીગર પરીખે ૩૯/૪ વિકેટ તથા નીરવ દેસાઈ ૩૭/૨ વિકેટ લીધી. પહેલી વિકેટ સુંદર ભાગીદારી થવા છતાં સંઘની ટીમ ૧૬૫ રનમાં ઓલ આઉટ થઈ ગઈ. કીંજલ પરીખ - ૨૨ રન, શીતેન કડકીઆ ૨૭ રન, સંદીપ ધારીઆ-૨૪ રન, શ્રમીક શાહ-૨૪ રન. **સર્વોદય ટીમનો ૬૫ રને વિજય.**

**૩ જી મેચ તા. ૨૮.૧.૨૦૦૬** બાબી ટીમ સામે સંઘની ટીમે ટોસ જીતીને પહેલી બેટીંગ કરતાં ૧૮૭ રન કર્યા. ફરી એર વખત કીંજલ પરીખ ૩૦ રન તથા શીતેન કડકીઆ - ૪૦ રન પહેલી વિકેટની ૮૯ રનની સુંદર પાર્ટનરશીપ કરી. મહેંદી ૨૨/૨ વિકેટ તથા કુમારન ૧૫/૨ વિકેટ લીધી. બાબી ટીમ ૧૧૧ રનમાં ઓલ આઉટ થઈ ગઈ. નીરવ દેસાઈ ૨૦/૪ વિકેટ તથા જીગર પરીખ ૨૯/૪ વિકેટ લીધી. **સંઘની ટીમનો ૭૬ રને શાનદાર વિજય થયો.**

**૪ થી મેચ તા. ૨૯.૧.૨૦૦૬** જનસાથી ટીમ સામે સંઘની ટીમે ટોસ જીતી પહેલી બેટીંગ કરતાં ૧૮૨ રન કર્યા, શીતેન કડકીઆ - ૪૫ રન, કીંજલ પરીખ ૩૪ રન કર્યા, રોહીત ૫૦/૩ વિકેટ, મસુદ - ૩૫/૩ વિકેટ લીધી. જનસાથી ટીમ ૧૮૪ રન ૮ વિકેટ કર્યા, શૈલેષ પટેલ - ૭૯ રન તથા સુજીત પટેલ- ૨૨ રન કર્યા. જીગર પરીખ ૩૬/૪ વિકેટ, સંદી પધારીઆ ૪૧/૩ વિકેટ લીધી. **જનસાથી ટીમનો બે વિકેટે વિજય.**

**ચાર મેચની શ્રેણી ૨ - ૨ થી બરોબર રહી.**

**બાલાસિનોર ખાતે રમવા ગયેલી**
**નવયુવક સંઘની ટીમના નામો :-**

૧. શ્રી નીરવ દેસાઈ (કૅપ્ટન)
૨. શ્રી સંદીપ ધારીઆ
૩. શ્રી શીતેન કડકીઆ
૪. શ્રી સમીર આર. દેસાઈ
૫. શ્રી કીજંલ પરીખ
૬. શ્રી દીપેન મોદી
૭. શ્રી જીગર પરીખ
૮. શ્રી રવિશ દેસાઈ
૯. શ્રી અપૂર્વ ધારીઆ
૧૦. શ્રી રીકીત મોદી
૧૧. શ્રી ધરવ પરીખ
૧૨. શ્રી શ્રમીક શાહ
૧૩. શ્રી નીહાર કડકીઆ
૧૪. શ્રી ઉત્સવ મોદી
૧૫. શ્રી ચીરાગ દેસાઈ

મેનેજર શ્રી પરેશ આર. પરીખ તથા કન્વીનીર શ્રી રૂપીન પી. કડકીઆ

દર વર્ષની જેમ આ વર્ષે પણ મુંબઈથી ક્રિકેટ

પ્રેમીઓ મેચ જોવા માદરે વતન ગયાં હતાં. જુના ક્રિકેટરો જેવાં કે બીપીન ગાંધી, ભાવીક પરીખ તથા બીજા પ્રેમીઓએ બાલાસિનોર પ્રત્યેનો પોતાનો પ્રેમ દર્શાવ્યો હતો અને મેચો દરમ્યાન ખેલાડીનો ઉત્સાહ પણ વધાર્યો હતો. જીતુભાઈ કડકીઆ, દક્ષેશભાઈ તથા મીનીષ કડકીઆ, યોગેશભાઈ, ડૉ. કમલેશભાઈ, જયપ્રકાશભાઈ, ભદ્રેશભાઈ, દીનેશભાઈ, પંકજભાઈ, નીમીષભાઈ જેવો ખેલાડીઓને પ્રોત્સાહન આપવા ઈનામો તથા રોકડ રકમ આપી હતી. સંસ્થા આ બધાનો આભાર માને છે.

લાયન્સ કલ્બ ઓફ બાલાસિનોર તરફથી ખેલાડીઓ માટે એક દિવસનું સાંજનું ભોજનનું પણ આયોજન કર્યું હતું. સંસ્થા તેઓનો પણ આભાર માને છે.

***કન્વીનર - શ્રી રૂપીન પી. કડકીઆ (બેરા)***

## કોણ કહે છે

કોણ કહે છે શ્રીજીબાવા બોલતા નથી,
મહાપ્રભુની જેમ તમે બોલાવતા નથી.
કોણ કહે છે શ્રીજીબાવા માળા ધરતા નથી,
મહારાણીમાની જેમ તમે ધરાવતા નથી.
કોણ કહે છે શ્રીજીબાવા ભોગ ધરતા નથી,
મુખયાજીની જેમ તમે વિનંતી કરતા નથી.
કોણ કહે છે શ્રીજીબાવા દર્શન દેતા નથી,
બાવાશ્રીની જેમ તમે એમને ભજતા નથી.
કોણ કહે છે શ્રીજીબાવા યમુનાયાન કરતા નથી,
યમુનાજીની જેમ તમે બંટો ધરાવતા નથી.

***- દક્ષેશ દેસાઈ***

# બાલાસિનોર વિદ્યામંડળ

**-: અનુકરણીય દાન :-**

અનુસ્નાતક વર્ગના પ્રથમ અને દ્વીતીય વર્ષના બબ્બે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ પ્રસંગે પારિતોષિક આપવાનું મંડળની કારોબારી સમિતિએ નક્કી કર્યુ હતું તે માટે દાનની ટહેલ દાતા ઓ સમક્ષ કરી હતી. તેના અનુસંધાનમાં બે દાતા પરિવાર તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ)ના દાન બે વિષયો માટે મળ્યા છે. જેના વ્યાજમાંથી તે વિષય સાથે અનુસ્નાતક વર્ગમાં અભ્યાસ કરતા પ્રથમ અને દ્વીતીય ક્રમાંકે આવતા બંને વર્ષના બબ્બે વિદ્યાર્થીઓને પારિતોષિક અપાશે.

૧. સ્વ. શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા)ની મધુર યાદમાં શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા)ના પરિવાર તરફ થી M.A. ના English વિષય માટે રૂા. ૧ લાખ (રૂા. ૧,૦૦,૦૦૦)નું ન્યાસ ફંડ પેટે માતબર દાન મળ્યું છે.

૨. સ્વ. શ્રી ચીમનલાલ પ્રાણલાલ શાહ (ચકુદા)ની મધુર યાદમાં શ્રીમતી કમળાબેન ચીમનલાલ શાહ (ચકુદા) પરિવાર તરફથી M. Com. ના Costing વિષય માટે રૂા. એક લાખ (રૂા. ૧,૦૦,૦૦૦)નું ન્યાસફંડ પેટે માતબર દાન મળ્યું છે.

## લગ્ન નિમિત્તે મળેલ દાન

૧. શ્રીમતી નીશાબેન જતીનભાઈ દેસાઈ તરફથી તેમની પુત્રીના શુભલગ્ન પ્રસંગે રૂા. ૧૧,૦૦૧/- (રૂ. અગિયાર હજાર એક)નું દાન 'બુક બેંક સહાય' માટે મળ્યું છે. જે રકમ તે જ વર્ષમાં જરૂરી વિદ્યાર્થીઓને Set of Text Books' આપવા માટે વાપરવામાં આવશે.

સંસ્થાના કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમના પરિવારના સભ્યોના સુખ, શાંતિ તથા ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

***લી. બાલાસિનોર વિદ્યામંડળની કારોબારી સમિતિ વતી***

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) **નીતા સુનીલ કડકીઆ (બેરા)**
**કુનાલ સુનીલ કડકીઆ (બેરા)**
પ્લોટ નં.૪૨, હીરાકુંજ, ૪થે માળે,
N.S. રોડ નં.૬, JVPD Scheme, મુંબઈ
📖: ૫૬૨૨૨૭૧૮ • મો. ૯૮૨૧૦૧૨૨૦૪

૨) મેહુલ ચંદ્રકાન્ત પરીખ (તાતીઆ)
કીંગસ્ટન કોમ્પલેક્ષ, કીંગસ્ટન હાઈટ્સ,
સી-૨૦૪, ચિંચોલી બંદર રોડ, મલાડ (વે),
મુંબઈ - ૪૦૦ ૦૬૪
📖: ૩૦૯૨૭૩૪૧ • મો. ૯૮૨૨૨૧૨૯૫૧

૩) Ritesh Ashwin Dharia (Balbal)
9732, Corbet Circle,
Manassas, VA-20111, U.S.A.

૪) પરીખ અશ્વિન મોહનલાલ
આઈ/૬, મહાવીર નગર કો.ઓ.હા.સો.લી.,
માણેક બાગ રોડ, શ્યામલ ચાર રસ્તા પાસે,
૧૩૨, ફીટ રીંગ રોડ, સેટેલાઈટ,
અમદાવા

## નવા ફોન નંબર

૧) **નિખિલ એન ધારીઆ (દાઉદીઆ)**
**📖: ૫૫૨૪૨૨૭૨**

## તેજસ્વી તારલાં

૧) શ્રી જીગર નિતિશ દેસાઈ એમ.બી.એ.વીથ ફાઈનાન્સ ઈન યુકે તથા ACCA એસોસિએશન ઓફ સર્ટિફાઈડ ચાર્ટડ એકાઉન્ટન્ટ ઈન યુકે તરીકે Schiller International University માંથી ઉત્તીર્ણ થયા છે, તેમને સંસ્થાવતી અભિનંદન.

૨) શ્રી રસેસ પંકજભાઈ મેહતા CA Final માં પાસ થયા છે. તેમને સંસ્થાવતી અભિનંદન.

૩) પૂજા કૌશિક રેણાવાલા Bachlor of Physiotherapy 63.33% સાથે પ્રથમ શ્રેણીમાં પાસ થયા છે. તેમને સંસ્થાવતિ હાર્દિક અભિનંદન.


**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**આયોજીત**
**ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત**

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો આ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર,પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

વધુ વિગત માટે સંપર્ક કરો.
**મંજુલ શૈલેષ ધારીઆ**
ફોન: ૨૪૯૩૩૬૧૮ • ૫૬૮૦૨૪૪૧
૯૮૨૦૧૩૫૦૧૪


બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે
**E-mail Address - vadsol@balasinor.org**